## 1. ઓરા આવો મારા લેરખડા લહેરી

**પદ : ૧**

ઓરા આવો મારા લેરખડા લહેરી, કીધો તમ સારુ મેં જગ વેરી...ટેક.
કાજુ નૌતમ જામા જરકસિયા, શોભે પાઘડલી શિર સોનેરી...૧
નંગ જડિયેલ બાજુ બેરખડા, કર પોંચી હેમ કડાં પે'રી...૨
તમે રસિયા રંગડાના ભરિયા, મુખ મોરલડી વાતા ઘેરી...૩
બ્રહ્માનંદના છેલા છોગાળા, ચાલો ચાલ મલપતા ગજ કેરી...૪

**પદ : ૨**

મરમાળા મનમાન્યા માવા, રહો આંખડલી આગે આવા...ટેક.
તારાં મનમોહન મીઠાં વેણાં, આવો શ્યામ તમે મને સંભળાવા...૧
નિત્ય વાલમ આવો મારે મંદિરીએ, રૂડી ચાલ ચતુરાઇ શિખાવા...૨
તમે નાવો તો હું નંદજીને ફળીએ, બહુ હેત કરીને આવું બોલાવા...૩
બ્રહ્માનંદના બાળ સનેહીડા, રાખું જોર કરીને નહીં દઉં જાવા...૪

**પદ : ૩**

વહાલું લાગે મને મોહન મુખ તારું, છે જો પૂરણચંદ્ર થકી સારું...ટેક.
તારા મુખડાની મીઠી લાવનતા, જોઈ કોટિ કોટિ કંદર્પ વારું...૧
શુભ ગૌર કપોળે તિલ ત્રાજું, તેમાં લોભાણું મનડું મારું...૨
તારા મુખની શોભા મરમાળા, નિત્ય નીરખી અંતરમાં ધારું...૩
બ્રહ્માનંદ કહે વશ કીધી મુજને, છે જો કોડીલું કામણગારું...૪

**પદ : ૪**

તારી મૂરતિ મન માની મારે, હવે શંકા જગની કોણ ધારે...ટેક.
લટકાળા તમને લાડકડા, મેં તો દીઠેલ જમુનાને આરે...૧
મનમોહન સુંદર મોળીડે, તોરા ફૂલતણા ઝૂકિયા તારે...૨
શુભ નાસા દીપ સમાન બણી, કાજુ નેણ કમળ કેરે અનુસારે...૩
બ્રહ્માનંદના હાર હજારીડા, હું જીવું છુ તમને દેખું જ્યારે...૪

**ટેક..**

ઓરા આવો મારા લેરખડા લહેરી..
મરમાળા મનમાન્યા માવા..
વહાલું લાગે મને મોહન મુખ તારું..
તારી મૂરતિ મન માની મારે..

## 2. ગઈતી ગઈતી ભરવાને નીર

પદ : ૧

ગઈતી ગઈતી ભરવાને નીર, સૈયરના સંગમાં રે લોલ;
રમતા દીઠા શ્યામ સુજાણ, રંગીલો રંગમાં રે લોલ...૧
જોયું રસિયાજીનું રૂપ, અલૌકિક આજનું રે લોલ;
જાણે શરદપૂનમનો ચાંદ, વદન વ્રજરાજનું રે લોલ...૨
સનમુખ આવે ગજગતિ ચાલ, કે અંગ મરોડતાં રે લોલ;
રસિયો નેણું સાથે નેણ કે, જોરે જોડતાં રે લોલ...૩
નાખી બ્રહ્માનંદને નાથ, અચાનક આંખડી રે લોલ;
મારા ચિત્તમાં લાગી ચોટ કે, ઘાયલ થઈ પડી રે લોલ...૪

પદ : ૨

રૂડી કેસર કેરી આડ, મનોહર ભાલમાં રે લોલ;
ચોર્યાં વ્રજનારીનાં ચિત્ત, લટકતી ચાલમાં રે લોલ...૧
શોભે નટવરજીને સંગ, મનોહર મંડળી રે લોલ;
કરે છે યમુના તીરે ખેલ, સખા સર્વે મળી રે લોલ...૨
હેલી મારાં લોચન પામ્યાં લોભ કે, નીરખી નાથને રે લોલ;
કીધાં સુખડામાં ગુલતાન, ગોપીજન સાથને રે લોલ...૩
જોતાં આડી નજરે જોર કે, કાંઈક કો રાખતા રે લોલ;
શોભે બ્રહ્માનંદ કે' ચોટ, નયનની નાંખતાં રે લોલ...૪

પદ : ૩

હેલી મારે મંદિરીએ મોરાર, પધાર્યા પ્રીતથી રે લોલ;
રસિયે બોલાવી ગ્રહી બાંહ્ય કે, રસની રીતથી રે લોલ...૧
સુંદર છોગાં મેલ્યાં શીશ, કલંગી શોભણી રે લોલ;
પહેર્યા ફૂલડાં કેરા હાર, અલૌકિક છબી બની રે લોલ...૨
અતિશે આનંદ વાધ્યો અંગ, થઈ રંગ રેલડી રે લોલ;
આવી અલબેલાને સાથ, બંધાણી બેલડી રે લોલ...૩
સજની આમાસામા આજ, અધરરસ પીધલા રે લોલ;
નીરખી બ્રહ્માનંદનો નાથ કે, ઉર પર લીધલા રે લોલ...૪

**પદ : ૪**

**હેલી હું તો સંધ્યા ટાણે આજ, ઊભીતી ઘર બારણે રે લોલ;**
**રસિયો છેલ છબીલો શ્યામ કે, જોવા કારણે રે લોલ...૧**
**આવે ગાયો કેડે નાથ, અલૌકિક ગાવતા રે લોલ;**
**ગહેરી મોરલડીને સાદ કે, ધેન બોલાવતા રે લોલ...૨**
**પહેરી વનમાળા વ્રજરાજ, કુંડળિયાં કાનમાં રે લોલ;**
**જોઈ મારું મનડું પામ્યું મોહ, સલુણાના વાનમાં રે લોલ...૩**
**જાણી મુજને આડી મીટ કે, હેતે હેરતા રે લોલ;**
**ચાલ્યા બ્રહ્માનંદનો નાથ, કમળ કર ફેરતા રે લોલ...૪**

**ટેક..**
**ગઈતી ગઈતી ભરવાને નીર, સૈયરના સંગમાં રે લોલ..**
**રૂડી કેસર કેરી આડ, મનોહર ભાલમાં રે લોલ..**
**હેલી મારે મંદિરીએ મોરાર, પધાર્યા પ્રીતથી રે લોલ..**
**હેલી હું તો સંધ્યા ટાણે આજ, ઊભીતી ઘર બારણે રે..**

3. સ્વામિનારાયણ દેવરે, ભજ મન નરનારાયણ દેવરે

**પદ : ૧**

સ્વામિનારાયણ દેવરે, ભજ મન નરનારાયણ દેવરે...ટેક.
શિવ સનકાદિક નારદ સરખા, નિત્ય કરે છે જેની સેવરે...ભ. ૧
વિશાલાવાસી સબ સુખ રાસી, જોગ અભ્યાસી અભેવરે...ભ.૨
જેને ભજતાં ભવ દુ ખ નાસે, ત્રાસે તાપ તતખેવરે...ભ.૩
નિષ્કુળાનંદકે નાથ ભજ્યાની, પાડી અંતરમાં ટેવરે...ભ.૪

**પદ : ૨**

સ્વામિનારાયણ નામ રે, વ્હાલું લાગે સ્વામિનારાયણ નામ રે...ટેક.
રાત દિવસ મારા હૃદિયાની ભીતર, જપીશ આઠું જામ રે...વ્હાલું ૧
ભવજળ તરવા પાર ઊતરવા, ઠરવાનું છે મારે ઠામ રે...વ્હાલું ૨
સર્વોપરી શ્યામ છે નરવીર નામ, સુંદર સુખડાનું ધામ રે...વ્હાલું ૩
નિષ્કુળાનંદના નાથને ભજતાં, વારે તેનું નહિ કામ રે...વ્હાલું ૪

**પદ : ૩**

સ્વામિનારાયણ નાથરે, મારે શિર સ્વામિનારાયણ નાથરે.
અવર દેવને હું સ્વપ્ને ન ઇછું, મન માનીયું મારું એ સાથરે.મા.૧
ભરતખંડના ભુપને ભાળી, હવે શિદને રયું અનાથરે.મા. ૨
સર્વેના સ્વામી અંતરજામી, એવા જાણી સોપ્યો એને હાથરે.મા. ૩
નિષ્કુળાનંદ કે નિ શંક થઇ, ગાઇશ એના ગુણ ગાથરે.મા. ૪

**પદ : ૪**

સ્વામિનારાયણ વીર રે, વસ્યા રુદે સ્વામિનારાયણ વીર રે.
અસ્થિર મન સ્થિર થયું છે, ગયું અતરનું અધીરરે.વ.૧
સમ્યો શંસે ને શોક સર્વે , થઇ શાંતિ સુખ શરીર રે.વા.૨
નિરભે થયાં દુ ખ દલનાં, થઇ ચિત્તની વરતી સ્થિરરે.વા. ૩
નિષ્કુળાનંદકે આનંદ આવ્યો, હવે દલે નહિ દલગીરરે.વા. ૪

**ટેક..**

સ્વામિનારાયણ દેવરે, ભજ મન નરનારાયણ દેવરે...
સ્વામિનારાયણ નામ રે, વ્હાલું લાગે સ્વામિનારાયણ નામ રે...
સ્વામિનારાયણ નાથરે, મારે શિર સ્વામિનારાયણ નાથરે...
સ્વામિનારાયણ વીર રે, વસ્યા રુદે સ્વામિનારાયણ વીર રે...